તફસીરે દુઆ

તફસીરે દુઆ

તફસીરે ધુઆ.

યાને

માનવંતા બોધગુરૂ પીર સદરદ્દીને
શીઆ ઈમામી ઇસમાઈલી
ખોજાઓ માટે રચેલી

ધુઆનો તરજુમો.

બનાવનાર તથા છપાવી પ્રગટ કરનાર
હાશમ બોધા માસ્તર.

લેડી નોર્થકોટ હિંદુ ઑર્ફનેજ કે. એન.
સેલર પ્રીન્ટીંગ પ્રેસમાં છાપ્યું.

આવૃત્તિ બીજી.
ઇ. સ. ૧૯૦૯
કીંમત છ આના.

આ પુસ્તક. ઇ. સ. ૧૮૬૭ ના ૨૫ મા એકટ
પ્રમાણે સરકારમાં રજીસ્ટર કરાવ્યું છે.

અર્પણ પત્રિકા.

વાહલી પુત્રી, બાઈ કુલશુમબાઈ ખુદાવંદ સરકાર, ધણી સલામત દાતાર **હાજર ઇમામ,** ની તાબેદારી તથા વફાદારીમાં રહી, પાક **શીઆ ઈમામી ઈસમાઈલી** દીનના ચાહનાર, વખાણનાર, તથા વૃદ્ધિ ઈછનાર તરીકે, જેવી રીતે તમારા પીતાએ પોતાની જીંદગી પસાર કરેલી છે, તથા બાકીની જીંદગી ગુજારવા ઉમેદ ધરાવે છે, તેવી રીતે, ધાર્મિક રસ્તામાં તમે સહ કુટુંબ, તમારા પીતાને પગલે ચાલશો, એવી તમારા તરફની આશા સાથે આ પુસ્તકની બીજી આવૃતિ, અંતઃકરણના ઉંડા પ્રેમથી, તમોને અર્પણ કરવામાં આવે છે.

તમારો હિતેચ્છુ પિતા

હાશમ બોઘા માસ્તર.

અવ્વલ વ આખર, **અલીકી** ઝાત હુએ

બાતન વ ઝાહર, **અલીકી** ઝાત હુએ

ગાફેર વ સાતેર, **અલીકી** ઝાત હુએ

હાકમ વ કાદર, **અલીકી** ઝાત હુએ

ESMAILI HAZUR IMAM. HIS HIGHNESS SIR SULTAN MAHOMED SHAH AGAKHAN. G.C.I.E.



WATERLOW & SONS LIMITED, LONDON

પ્રસ્તાવના.

શ્રી સાહેબુલ અમર, ઈમામે ઝમાન.
હાદીયુલ મહદી, હાજર ઈમામ.

મૌલાના ધણી સલામત દાતાર સરકાર આગા સુલતાન મહમદશાહે, તા. ૨૮ મી જુન ૧૯૦૮ ને રવીવારે, શ્રી પુના મધે, હકીકતી જનરલ મજલસ દરમીયાન, ફરમા વેલા ઉત્તમ અને અગત્ય જોગ ફરમાનોમાં ફરમાવ્યું કે, "દુઆમાં જે તમે પડો છો, તેના વાકયોનો તરજુમો કરો. ને હરકોઇ બોલનો શોચ કરશો, તો ખુબીનો અપાર ખજાનો છે રાડું પાડીને ખુદા, ખુદા કરવું તેમાં ખુદા

રાજી થતો નથી. પણ જે બોલ તમે પડો છો તે બોલ તમારે પાળવો જોઇએ.

અમોએ પંદર વરસ ઉપર, સત્તાધારી ઉરદુ, ફારસી તથા અરબી ડીક્ષનેરીઓ (શબ્દકોશ) ની મદદ લઇ, આપણી પાક દુઆ ના અરબી તથા ફારસી ભાગનો તરજુમો તૈયાર કરી રાખ્યો હતો. તેમજ અમારા ખાસ હકીકતી મિત્રોને અમોએ તરજુમો લખી પણ આપ્યો હતો. જેમાં ઇલમના શોખીન ગુલામઅલીભાઇ વરીંદ મુખી તથા મરહુમ માસ્તર બાબુલભાઇ ગુલામહુસેન મુખ્ય હતા. પરંતુ એ તરજુમો સત્તાદાર દરજામાંથી પસાર થાય, ત્યાં સુધી, પબલીકમાં મુકવા અમોએ મોકુફ રાખ્યું હતું.

આપણા પાક હાજર ઈમામના મજ-કુર ફરમાન ઉપરથી આપણી પાક ધુઆનો તરજુમો છપાવી પ્રગટ કરવા અમોને તાજી ઉલટ થઈ. તેની સાથે, એ તરજુમો પબ-લીક માં મુકવા જોગ અનુકુળ પ્રસંગો પણ મૌલાની મેહેરબાથી અમોને મળી આવ્યા.

આપણા સરતાજ હાજર ઈમામ મૌ-લાના **આગા સુલતાન મહુમદશાહ** સામે, જે અછાજતો અને ગેરવાજબી કુટુંબી દાવો ૧૯૦૮ માં, મુંબઇની હાઈકોર્ટ મધે, **નામદાર જજ, ઓનરેબલ જસ્ટીસ, મી. રસલ** સમક્ષ સાંભળવામાં આવતો હતો તે દરમીયાન દાખલ થએલ આપણી પાક ધુઆનો તરજુમો હાઈકોર્ટમાં પોતાની જબાનીમાં રજુ કરવાનું કામ,

મૌલાના ધણી સલામત દાતાર, **આગા સુલતાન મહમદશાહ**ના આશરા તળે પુર્વ આફ્રીકામાં સ્થપાએલ શીઆ ઇમામી ઇસમાઈલી ખોજા મીશનના ચીફ મીશનરી, ભગત જુમાભાઈ ઈસમાઇલ કરાંચી વાળા ઉપર આવી પડયું. તેથી તેઓએ આપણી પાક દુઆમાં આવેલા અરબી તથા ફારસી ભાગનો તરજુમો બરાબર શુદ્ધ રીતે કરી આપવા, અમારી પાસે માંગણી કરી, અને અમોએ દીનની સેવા બજાવવાનું કામ ધારી, અમારા અનુભવ પ્રમાણે, પુરતી સમજ સાથે, ઘણી ખુશીથી એ તરજુમો તેઓને પુરો પાડયો હતો. છતાં આપણી દુઆનો તરજુમો મુંબઇની હાઇ કોર્ટના બાહોશ ટ્રાન્સલેટરે પણ પોતાના સાહિત્યને આધારે

કરેલ છે, એવી રીતે દુઆનો તરજુમો બારીક તપાસમાંથી સત્તાવાર રીતે પસાર થઇ ગયો છે, એ બીના તરજુમાની મજબુતી માટે પુરતી છે.

એકંદર ભાવાર્થિ તરજુમા સાથે, અભ્યાસીઓને શીખી શકવા યોગ્ય બનાવવાની એવડી મતલબ પાર પાડવા, અમોએ દુવામાં આવેલા સિંધી તથા કચ્છી કઠણ શબ્દોની છુટી છુટી સમજ આપી છે. અને ફારસી તથા અરબી દરેક શબ્દનો અર્થ **જામેઉલ લુગાત, મુનતખબ લુગાત** વગેરે અરબી તથા ફારસી લુગાતો (ડીકશનેરી, અથવા શબ્દ કોશ) માંથી ઘણી મહેનતે કાઢી છુટા છુટા શબ્દ પણ આપેલા છે. દરેક પાઠના શબ્દાર્થ તથા ત્યારબાદ ભાવાર્થ

આપી બેવડો તરજુમો આપેલો છે. અભ્યાસ કરનારાઓને અતરે સુચના આપીએ છીએ કે તેઓએ **અસલ દુઆની કીતાબ** સાથે રાખી, મીનીંગ બુક તરીકે અમારો તરજુમો ગણી પોતાનો અભ્યાસ કરવો.

શીઆ ઈમામી ઇસમાઈલી ખોજાઓના ધારમિક કેળવણી ખાતાઓ માટે, તેમજ સામાન્ય જમાત માટે, આ તરજુમો ઘણો ઉપયોગી થઇ પડશે. કારણ કે દુઆ પડનાર પોતે જો તરજુમો જાણતો હશે, તો પોતે જે પડશે તેની તરફ તેની લાગણી વધારે દોરવાશે. તેમજ બંદગીની ગંભીરતા તેના લક્ષમાં વધારે આવશે, અને તેથી અસંખ્ય ફાયદા થશે.

આપણી પાકદુઆનો આ રીતે તરજુમો

કરી, અમારા ઘણા વરસના અનુભવનો લાભ એક પુસ્તકના આકારમાં અમારા દીનદાર ભાઈઓની રૂબરૂમાં અમોએ મુકયો છે. અને આશા રાખીએ છીએ કે અમારા દીનદારો આ તરજુમાનો છુટથી લાભ લઈ, અમોને ઉત્તેજન આપશે.

અમારા જે દીનદારો આ તરજુમાની મદદથી, દુઆનો તરજુમો શીખી રહે તેઓને અમે અરજ કરીએ છીએ કે તેઓ બંદગી અથવા દીદારને શુભ પ્રસંગે, કોઇ વખત, મેહેરબાનીની રાહે, અમો ગુનેહગાર બંદાને યાદ કરી, અમારા રૂહની બેહેતરી માટે મૌલાના હાજર ઇમામ ની દર ગાહમાં નેક દુઆ ગુજારે.

અમારા મેહેરબાન મિત્ર, ભગત સાહેબ

જુમાભાઇ ઈસમાઇલ કરાંચીવાળાએ, હાઈકોરટમાં થએલા, આપણી ધુઆના સતાધારી અંગ્રેજી તરજુમાની નકલ અમોને પુરી પાડી, તથા જ્યારે આ તરજુમો અમો છેવટનો ફેર લખતા હતા, ત્યારે અમોને કેટલીક અમુલ્ય સુચનાઓ આપી, તેમજ તરજુમો તૈયાર થઇ રહ્યાથી, તેઓએ વાંચી જવાની તકલીફ્ લીધી માટે તેઓનો આ તકે અમે જાહેરમાં આભાર માનીએ છીએ.

મુખી લાલજીભાઇ દેવરાજ, અમારા પુસ્તકો છપાવવામાં, તથા વેંચાવી આપવામાં ફકત ધર્મની લાગણીથી હમેશાં અમોને પિતા તુલ્ય મદદ આપતા રહે છે, તેઓની છેવટની જીંદગી સુધી, ઈમાનની સલામતી ઇછીએ છીએ. અને મૌલાની દરગાહમાં અર-

જ ગુજારીએ છીએ કે હવે પછી, ભવિષ્યના વખતમાં ઈસમાઈલી ઇલમને મદદ કરનારા સેંકડો લાલજીભાઇ તે ખુદાવંદ પોતાની કરીમીથી ઉભા કરે.

અમારા જે જે મહેરબાન ધરાકો અમોને અગાઉથી ઉત્તેજન આપેછે, તથા જે જે ગ્રહસ્થો, પાછળથી અમારી બનાવેલી ચોપડી ખરીદી અમોને ઉત્તેજન આપતા રહેછે, તેઓ પ્રત્યે આ પ્રસંગે, એહસાનની લાગણી જણાવવા રજા લઈએ છીએ.

ખુદાવંદ હાજર ઇમામની પવિત્ર ઈચ્છાને પ્રતાપે આ તરજુમો હસ્તીમાં આવ્યો છે. અને અમો નાકેસ અકલને એક નિમિત્ત કારણ બનાવ્યું છે. માટે સર્વે તારીફ હાજર ઇમામને સજાવાર છે.

શ્લોક.

(ભગવદ ગીતા)

તસ્માત ઉત્તિષ્ટ, યશો લભસ્વ
જિત્વા શત્રૂન, ભુંક્ષ્વ રાજયં
સમૃધ્ધમ.
મયા એવ એતે નિહતાઃ
પુર્વમ એવ
નિમિત માત્રં ભવ
સવ્ય સાચિન

શબ્દાર્થ.

તસ્માત—તેટલા માટે

ઉત્તિષ્ઠ—ઊઠ

યશો—ફતેહ

લભસ્વ—મેળવ

જિત્વા—જીતીને

શત્રૂન—દુશ્મનોને

ભુંક્ષ્વ—ભોગવ

રાજ્ય સમૃધ્ધમ—આબાદાની ભરેલું રાજ્ય

મયા—મારાથી

એતે—તેઓ

નિહતાઃ—મારી મુકેલા છે.

પુર્વમ—પહેલાંથીજ

નિમિત માત્ર—ફકત નિમિત

ભવ—થા

સવ્ય સાચિન—અરજુન (ડાબે હાથે ધનુષ્ય મારનાર

શ્રી કૃષ્ણ પરમાત્માએ અરજુનને ફરમાવ્યું છે કે——

ભાવાર્થ

તેટલા માટે તું ઉઠ અને ફતેહ મેળવ. દુશ્મનોને જીતીને આબાદાની ભરેલું રાજ્ય ભોગવ.

એ બધાને મેં આગળથી મારી મુકેલા છે.

હે ડાબે હાથે ધનુષ્ય મારનાર અરજુન; તું નિમિત્ત માત્ર થા.

હાશમ બોઘા માસ્તર.

સાંકળીઉં



પાઠ વિષે સમજણ.

અભ્યાસ કરનારાઓએ આ પુસ્તક સાથે દુઆની અસલ કીતાબ જોડે રાખવી. આ પુસ્તકનો દુઆની કીતાબ સાથે નીચે પ્રમાણે સંબંધ છે.

પાઠ પહેલો તથા બીજો

અસલ દુઆની કીતાબમાં
ધોઆ પડો થી
તસબી કઢી સિજધો દીઅણું સુધી

પાઠ ત્રીજો

અસલ દુઆની કીતાબમાં

તોબો તોબો થી

નકલંકી અવતાર, મૌલાના આગા
સુલતાન મહમદશાહ દાતાર સુધી

પાઠ ચોથો

અસલ દુઆની કીતાબમાં

હક યા શાહ થી

પંજપાટીની શરૂઆત સુધી

પાઠ પાંચમો તથા છઠો.

અસલ દુઆની કીતાબમાં

પંજપાટીથી—થી

શાહ દીદાર જો પંજો દઇ

સિજદો દીજે—સુધી

પાઠ સાતમો

અસલ ધુંઆની કીતાબમાં
અલી અલ્લાહ—યા શાહ રાહીએ—થી
તુસી તોજો દીદાર દીએ—સુધી.

પાઠ આઠમો

અસલ ધુઆની કીતાબમાં
અલી અલ્લાહ, યા શાહ ફઝલ—થી
યા શાહ, તું ભખશીએ ભખશણહાર–સુધી

પાઠ નવમો

અસલ ધુઆની કીતાબમાં
લા ઇલાહા—થી
યા અલીયો, યા અલીયો, યા અલી–સુધી

પાઠ દશમો

અસલ દુઆની કીતાબમાં
દુઆ પંજતન પાકેંજી—થી
પંજતન પાકેંજી દુઆજી વેનતી—સુધી

પાઠ અગીયારમો

અસલ દુઆની કીતાબમાં
દુઆ ગત પીરેંજી—થી
રસાડણજી વેનતિ —સુધી

પાઠ બારમો તથા તેરમો

અસલ દુઆની કીતાબમાં
દુઆ દીઓ ગત પીરેં બારગુરે—થી.
પંજતન પાકજી તસબીકઢી સિજદો દીજે-
સુધી.

પાઠ ચૌદમો

અસલ ધુંવાની કિતાબમાં
ધુઆ નિયત ખેર—થી.
ખેરજી વેનતિ—સુધી.

પાઠ પંદરમો તથા સોળમો

અસલ ધુઆની કીતાબમાં
દીઆ સિજદો અલાહ મરેહેઆ—થી
સલવાત ચોડો વખત —સુધી

પાઠ સતરમો

અસલ ધુઆની કીતાબમાં

ધુઆ નીઅત ખૈર—થી
હરદો હાથ તુમારે—સુધી

પાઠ અઢારમો

અસલ ધુઆની કીતાબમાં
મદદે અલી—થી
કાયમ પાયા—સુંધી

ખુલાસો

ગુજરાતી, તથા ફારસી અને અરબી શબ્દોમાં આવેલા "બ" અક્ષરને ઠેકાણે, અસલ સિંધીમાં "ભ" વાપરવામાં આવેલ છે.

"દ" અક્ષરને ઠેકાણે "ધ" વાપરવામાં આવેલ છે. તેમજ

"ડ" અક્ષરને ઠેકાણે "ઢ" વપરા

એલ છે. આ સિંધી ભાષાની રૂઢીછે.

જેમકે

રબ—તેનું-રભ

તસબી-તેનું-તસભી

દરગાહ-તેનું-ધરગાહ

દીદાર-તેનું-ધીધાર

પિંડ-તેનું-પિંઢ

અમોએ આ તરજુમામાં અસલ ફારસી અરબી શબ્દો પ્રમાણે શબ્દાર્થ લખેલ છે.

અરબી શબ્દોને છુટા છુટા સમજવાના મુખ્ય કાયદા.

(૧) અરબીમાં ઘણા શબ્દોને ફક્ત જોડત કરવા સારૂ "લ" અક્ષર આવે છે. એ "લ" નો અર્થ, બતાવવા જોગ કંઈ થતો નથી. એ "લ" નો અર્થ અંગ્રેજી "ધ" આરટીકલ જેવો થાય છે. માટે જયાંથી "લ" કાઢી નાંખવામાં આવ્યો હોય, ત્યાં સમજવું કે એ "લ" જોડત માટે વધારેનો છે. તે છુટ શબ્દાર્થમાં કાઢી નાંખ્યો છે

(૨) અરબી શબ્દો છુટા કરવા માટે કેટલેક ઠેકાણેથી "હ્રર-વઇ" "એકમાત્ર" તથા "હ્રર-વઉ" અને "કાનો માત્ર" કાઢી નાં

ખ્યું હોય ત્યાં સમજવું કે એ " હ્રસ્વઈ ' "એકમાંત્ર" " હ્રસ્વઉ " અને "કાનોમાત્ર" ફકત જોડત માટે આવેલ છે પણ અસલ શબ્દમાં નથી.

(૩) આ ઉપરાંત, જે શબ્દમાંથી છેલો કોઈ અક્ષર કાઢી નાંખેલો માલમ પડે તો તે જોડતનો અક્ષર છે એમ સમજવું. અસલ શબ્દમાં એ અક્ષર નથી.

ઉપરના ત્રણ કાયદા બરાબર સમજવાથી છુટો તરજુમો તથા અસલ જોડતના લખાણમાં જે ફેરફાર દેખાશે, તેનો ખુલાસો થઇ જશે.

દાખલા

પહેલો કાયદો—દુઆના ત્રીજા પાઠમાં "ઈલ્લા બિલ્લા હિલ અલીયુલ અઝીમ" ફક રામાં "અલી" તથા "અઝીમ" શબ્દોની અગાઉ "લ" અક્ષર આવે છે તે જોડતનો વધારેનો છે તે છુટ શબ્દાર્થમાં નીકળી જાય છે.

બીજો કાયદો—એજ પાઠમાં

"અલ્લાહુ અકબર" આ ફકરામાં "અલ્લાહુ" શબ્દમાં "હ્રસ્વઉ" વધારે જોડ તનો છે, તે છુટ શબ્દાર્થમાં નીકળી

જાય છે કારણ કે તે અસલ શબ્દ માં નથી

વળી ધુઆના નવમા પાઠમાં "રબિસ સમાવાતે સબઅ" આ ફકરામાં "રબિ તથા" "સમાવાતે" શબ્દોમાં "હ્રસ્વ ઈ" તથા "એકમાત્ર" અનુક્રમે છે, તે છુટા શબ્દાર્થમાં નીકળી જાય છે. કારણ કે, તે વધારે જોડત માટે આવેલ છે, અસલ શબ્દમાં નથી.

ત્રીજો કાયદો–ધુઆના પાંચમા ભાગમાં "અંતસ સલામ" અને "દારસ સલામ" આ ફકરાઓમાં "સલામ" શબ્દોની અગાઉ "અંત" અને "દાર" ઉપર "સ" આવેલા છે,

તે જોડત માટે આવેલા છે. અસલ શબ્દો માં નથી, માટે જુદા શબ્દાર્થો કરવામાં કાઢી નાખવામાં આવે છે.

શ્લોક

પરિત્રાણાય સાધુનાં, વિનાશાય ચ દુષ્કૃતામ
ધર્મ સંસ્થાપનાર્થાય, સંભવામિ યુગે યુગે
શ્રી કૃષ્ણ પરમાત્માએ ફરમાવેલું છે

સાધુ પુરૂષોનો બચાવ કરવા અને પાપ નો નાશ કરવા માટે અને ધરમનું સારી રીતે સ્થાપન કરવા માટે હું યુગે યુગે જન્મ લઉં છું.

પાઠ પેહલો તથા બીજો.

શબ્દાર્થ

ધુઆ પડો—બંદગી કરો

અલ્લાહ મરેહેઆ—ખુદાતાલા (તમારા ઉપર) રેહેમત કરે

હક નામ—ખુદાનું નામ

ગિનો—સ્મરણ કરો

ઈમાન—એકીન

સાંજાએ—હયા

દીનેઆં—બખશે

ધુઆ—બંદગી

વેનતી–આજીજી

ખીસે અમર પુઠીઆ–તારી સત્તાની રૂએ

શાહા–હાજર ઇમામ

દરગાહ–હજુર

મૌલા–ધણી

ના–અમારા

મૌલાના–અમારા ધણી

સિજદો–નમન

પાઠ પેહલો તથા બીજો.

ભાવાર્થ

અલીની મદદ સાથે (શરૂ કરૂં છું,) (તમે) બંદગી કરો. બંદગી કરો. બંદગી કરો.

ખુદાતાલા (તમારા ઉપર) રેહેમત કરે. ખુદાના નામનું સ્મરણ કરો. **મૌલા-અલી** તમને એકીન અને હયા બખશે. એ **શાહ**, તારી સત્તાની રૂએ મારી સાંજની બંદગી અને આજીજી, તારી હજુરમાં કબુલ કર. એ અમારા ધણી **આગા સુલતાન મહમદશાહ.**

પછી તમારે સિજદો દેવો.

---

(૨)

ત્યાર બાદ, તસબી કાઢીને, સિજદો દેવો

પાઠ ત્રીજો.

શબ્દાર્થ

તોબો—હું (મારા પાપ માટે) તોબા કરૂંછું.

સિર—માથું

તા—સુધી

પા—પગ

સિર તા પા—માથાથી તે પગ સુધી

બકશણહાર–માફી બખશનાર.
ધુઆપડે–બંદગી કરે છે.
પીરજો વચન–પીરે કહેલા.

સચ્ચો–ખરેખર,
વચન–કહેવું.
સચ્ચો વચન–ખરેખર કહું છું.
સુબહાન--પાક.
અલ્લાહ–ખુદા.
સુબહાન અલ્હાહ–ખુદા પાક છે.
શુકરનુ–એહેસાન માનું છું.
લિ–વાસ્તે.
અલ્લાહ–ખુદા.

શુકરન લિલ્લાહ—ખુદાનો એહસાન માનું છું.

વ—અને.

અલ હમ્દ—બધી તારીફ, તથા વખાણ.

લિ—વાસ્તે.

અલ્લાહ—ખુદા.

વલ હમ્દો લિલ્લાહ—અને બધા વખાણ ખુદાના છે.

વ—અને.

લા—નથી,

ઇલાહા—ખુદા.

ઇલ્લા—સિવાય.

અલ્લાહ—ખુદા.

વ લા ઇલાહા ઈલ્લલ્લાહ—અને ખુદા સિવાય બીજો ખુદા નથી.

અલ્લાહ—ખુદા.

અકબર—સૌથી મોટો.

અલ્લાહો અકબર—ખુદા સૌથી મોટો છે.

લા—નથી.

હોલ—શક્તિ.

વ—અને

લા—નથી.

કુવ્વત—સત્તા.

ઇલ્લા—સિવાય.

બે—સાથે.

અલ્લાહ—ખુદા.

વ લા હોલ વ લા કુવ્વત ઇલ્લા બિલ્લાહ { અને ખુદા સિવાય કોઇને શક્તિ કે સત્તા નથી.

અલી—અલી

અઝીમ—બુલંદ

અલીયુલ્લ અઝીમ—અલી બુલંદ

રહીમ—દયાળુ

કરીમ—કૃપાળુ

કુસીમ—રોઝી આપનાર

હજરત—મહાન

બુઝરગ—મોટો

પાક—પવિત્ર

પરવરદિગાર—પાલણ કરનાર

દેહલમ દેશ—ઈરાન દેશમાં એક પરગણાનું નામ છે.

માનખા વેશ—મનુષ્ય અવતારમાં

ખંડ એરાક-એશિયા ખંડમાં ઈરાનનો દેશ.

પાત્ર—કૂડવાઓ

નકલંકી અવતાર—ખુદાનો દશમો અવતાર
એનો અર્થ—"કાંઈપણ ડાઘ
અથવા ખોડ ખાંપણ વગરનો"
થાયછે.
નકલંકી અવતાર તે મૌલા
મુરતઝાઅલી તેમજ તેઓની
ગાદીએ આવનાર હરેક હાજર
ઈમામ.

ખુલાસો

સંસ્કૃતમાં નકલંકી અવતારનું કલ્કિ નામછે. જેનો અર્થ "પાપ અને દુષ્ટતાનો નાશ કરનાર" થાયછે.

———

પાઠ ત્રીજો.

ભાવાર્થ

હું (મારા પાપને માટે) તોબા કરૂં છું. તોબા કરૂં છું. (હું) તકસીરદાર બંદો માથાથી તે પગ સુધી ગુનેહગાર છું. એ માફી બખશનાર શાહા, તું (મને) માફ કર. પીર બંદગી કરેછે. બંદો આજીજી કરેછે. સાચો શાહ કબુલ કરેછે. પીરે કહેલા શાહાના ફરમાનને (હું તાબે થાઊંછું).

ઉપર મુજબ બોલ્યા પછી, તસબી જમીન પર મુકવી, પછી આ પ્રમાણે બોલવું.

ખરેખર કહું છું (કે) ખુદા પાક છે ખુદાનો એહસાન માનું છું. બધા વખાણ. ખુદાના છે. ખુદા સિવાય બીજો ખુદા નથી. ખુદા સૌથી મોટો છે. ખુદા સિવાય કોઇને શક્તિ કે સત્તા નથી. કે જે **અલી,** બુલંદ, દયાળુ, કૃપાળુ, રોજી આપનાર, મહાન, મોટો, પવિત્ર, પાલણ કરનાર, ઈરાન દેશમાં આવેલા દેહલમ પરગણા-મધ્યે, મનુષ્ય અવતારમાં છે. (અને તે)

સીતોતેર પાત્રો (વડવાઓ) (માંથી ઉતરી
આવેલછે.) દશમો **નકલંકી અવતાર,**
અડતાલીશમો ઇમામ, આપણો ધણી.
આગા સુલતાન મહમદશાહ દાતાર

(પછી) તમારે સીજદો દેવો.

પાઠ ચોથો.

શબ્દાર્થ

હક–ખરો
યા–ઓ
શાહ–હાજર ઈમામ.

હક યા શાહા—ઓ શાહા (હાજર ઇમામ) તું સાચો છે.

વિશનાપુરી–વિષ્ણુના વડવાઓનાં નામો
કરણ–ચાર જુગ અને ચાર કલ્પની આગળ થઇ ગએલો જમાનો. અગીઆર લાખ વરસનો એક જુગ હોય, એવા ત્રીશ જુગનો એક કરણ–કુલે ત્રણ કરોડ અને

ત્રીશ લાખ વરસનો એક કરણ થાય છે. ત્રણ કરણમાં નંવ કરોડ અને નેવું લાખ વરસની મુદત થાયછે.

(જુઓ–મુલ ગાવંત્રી.)

અહુણાદ આદ–અહુણાદની પેહેલાનું.

અવિગત આદ–તે અગાઉના સંબંધમાં વિગતવાર હકીકત અજાણીછે.

નાભ્ર ચક્ર–નાભ કમળ

ભયો–(શારીરીક રૂપમાં) જાહેર થયો.

બ્રહ્મ–ખુદા.

મૌલા–ધણી.

ના–આપણો.

મૌલાના–આપણો ધણી

હાજર—હાલના.

જોમેજો-ઈમામતના.

ધણી—માલેક.

હાજર જોમેજો ધણી—ઇમામતના હાલના માલેક.

વારે ફેરો—જમાનાનો.

પુરખ—ધણી.

વારે ફેરો પુરખ—જમાનાનો ધણી—હાજર ઇમામ.

હાદી—રાહબર.

મહદી—ભોમીઆઓને પણ રસ્તો દેખાડનાર.

હાદીયુલ મહદી—રાહબર અને ભોમીઆઓને પણ રસ્તો દેખાડનાર.

સાહેબ—ધણી.

અમર—સત્તા.

સાહેબલ અમર—સત્તાનો ધણી.

અનંત—અસંખ્ય.

કરોડીઉં—કરોડો જીવ.

તારણહાર—મુક્ત કરનાર.

અનંત કરોડીઉં તારણહાર-અસંખ્ય કરોડો જીવોને મુક્ત કરનાર.

ખીસે અમર પુઠીઆ—તારા હકની રૂએ.

દરગાહ—હજુર.

પાઠ ચોથો.

ભાવાર્થ.

પછી, "હક યા શાહા" બોલો. એટલે, ઓ શાહ (હાજર ઈમામ) તું સાચો, છે." અને વિષ્ણુના વડવાઓ નાં નામો અને શાહના વારસોનાં નામો બોલો.

વિષ્ણુના વડવાઓનાં નામો.

ખુદા કે જે ત્રણ કરણ (ચાર જુગ અને ચાર કલ્પની અગાઉ થઈ ગએલા ત્રણ મોટા જમાના) માં હૈયાત હતો, તે ખુદાનાં નામો તથા અવતાર અને તેમના થઇ ગએલા વડવાઓ.

ત્રણ કરણમાં થએલા ખુદાના સતર અવતારો.

૧ અહુણાદ	૧૦ તેજ
૨ અલખ	૧૧ જળ
૩ નામનીલ	૧૨ કમળ
૪ અનીલ	૧૩ અધબુધ
૫ સુન	૧૪ જાગ
૬ સાન	૧૫ તત્વ
૭ નાન	૧૬ પ્રેમતત્વ
૮ ગીનાન	૧૭ આદ પુરૂષ
૯ નુર	

ખુદા આદ પુરૂષના નાભ કમળમાંથી (નીચેને અનુક્રમે) શારિરીક રૂપમાં જાહેર થયો.

અહુણાદ પેહેલાં શું હતું તેના સંબંધમાં વિગતવાર હકીકતો અજાણી છે.

ચાર કલ્પમાં થએલા ખુદાના દશ અવતારો

૧ કલ્પ જાએલા

૧ હવ	૩ ધરમ
૨ કવ	૪ કેશવ

૨ કલ્પ ફાએલા

૫ તવણાદ	૬ ઉત્તરા

૭ હરીતક

૩ કલ્પ અરજા

૮ પરૂરવા ૯ અંત અતીત

૪ કલ્પ ખલીફા

૧૦ પ્રેમ રૂખ

પ્રેમરૂખ પછી. મચ્છનો જન્મ થયો (૧)

૧ મચ્છના અવતાર પછી (જે પાત્રો થયા તેનાં નામ)

૧ મનાએક ૫ ભરેસપત

૨ અજમેર ૬ અસુઅમિતર

૩ અગરસેન ૭ પઉતર

૪ એછાઉત ૮ પડવીર

(અને) તેનાથી કોરંભનો જન્મ થયો (૨)

૨ કોરંભના અવતાર પછી (જે પા-
ત્રો થયા તેનાં નામ,

૯ ભિસરીયાત	૧૨ અગરસેન
૧૦ દિખીઆત	૧૩ કદીમ
૧૧ પ્રજાપત	૧૪ દોએલ

[અને] તેનાથી વારાહનો જન્મ થયો [૩]

૩ વારાહના અવતાર પછી (જે પાત્રો
થયા તેનાં નામ)

૧૫ કેસવ	૧૯ ખલીફત
૧૬ ખત્રીવસ	૨૦ ગોતમ
૧૭ અસાવ	૨૧ અંતઃ
૧૮ ઉનસ	૨૨ હરીતક

(અને) તેનાથી નરસીંહનો જન્મ
થયો (૪)

૪ નરસીંહ ના અવતાર પછી (જે પાત્રો થયાં તેના નામ.)

૨૩ મનાએક　　૨૬ કેશવઢણ
૨૪ કઉચક　　૨૭ કેશવ રૂખ
૨૫ રેપક

(અને) તેનાથી વાએમન નો જન્મ થયો (૫)

૫ વાએમન ના અવતાર પછી (જે પાત્રો થયા તેનાં નામ)

૨૮ માનધાતા　　૩૦ એશરીન
૨૯ પ્રથમી જએ　　૩૧ જવલગાન

[અને] તેનાથી ફડસીરામ નો જન્મ થયો (૬)

૬ ફડસીરામ ના અવતાર પછી (જે પાત્રો થયા તેનાં નામ)

૩૨ રૂગ	૨૬ અલીફ
૩૩ નુગ	૩૭ અજેપાલ.
૩૪ જુજેઆત	૩૮ દશરથ
૩૫ કુંભ	

[અને] તેનાથી રામનો જન્મ થયો (૭)

૭ રામના અવતાર પછી (જે પાત્રો થયા તેનાં નામ)

૩૯ પદમ	૪૧ વીરપાર
૪૦ જશવઢણ	૪૨ વાસુદેવ

(અને) તેનાથી શ્રી કૃષ્ણજી કાનનો જંન્મ થયો (૮)

૮ શ્રી કૃષ્ણજીના અવતાર પછી (જે પાત્રો થયા તેનાં નામ)

૪૩ પરીક્ષત
૪૪ જનમેજય
૪૫ સેસાનંદ
૪૬ સતાનંદ
૪૭ સ્વસ્થાન
૪૮ બુધસ્થાન
૪૯ વીણ વછરાજ

(અને) તેનાથી બુધનો જન્મ થયો (૯)

૯ બુધના અવતાર પછી (જે પાત્રો થયા, તેનાં નામ)

૫૦ શીશ
૫૧ સામ
૫૨ સલામ
૫૩ મલકાન
૫૪ એસલામ
૫૫ હારૂન
૫૬ સમઉન સફા
૫૭ અદનાન
૫૮ માઅદ
૫૯ નીઝાર

૬૦ મુદ્દર	૬૯ લુવે
૬૧ એલીઆસ	૭૦ કઅબ
૬૨ મુધરક	૭૧ મુરે
૬૩ ખુઝેમા	૭૨ કીલાબ
૬૪ કીનાને	૭૩ કુસે
૬૫ નઝર	૭૪ અબ્દુલ મુનાફ
૬૬ માલેક	૭૫ અબુ હાશમ
૬૭ ફેહર	૭૬ અબ્દુલ મુતલબ
૬૮ ગાલેબ	૭૭ અબુ તાલેબવલી

(અને) તેનાથી શાહ મૌલા મુરતઝા અલીનો જન્મ થયો (૧૦)

શાહી (ઈમામતની) ગાદીએ આવનારનાં નામો '

(હું) અબુ તાલેબ વલીના પછી, પ્રગટ થએલા ઈમામોનાં નામ બોલુંછું.

ઈમામોનાં નામો દુઆની કીતાબમાં આપેલાં છે, પણ એ નામો અરબી રીતે પણ જાણવાની ખાસ અગત્ય છે. તેથી નીચે અરબી રીત પ્રમાણે આપેલાં છે.

(૪૮) હક મૌલાના આગા સુલતાન મહમદશાહ

૪૭ બિન અલીશાહ,

૪૬ બિન હસનઅલી

૪૫ બિન ખલીલલ્લાહ અલી

૪૪ બિન અબુલ હસનઅલી

૪૩ બિન કાસમ અલી

૪૨ બિન હસનઅલી

૪૧ બિન સૈયદઅલી

૪૦ બિન નીઝાર

૩૯ બિન સૈયદ ખલીલલ્લાહ અલી

૩૮ બિન નુરદીન અલી

૩૭ બિન ઝુલફીકાર અલી

૩૬ બિન મુરાદ મીરઝા

૩૫ બિન ભુધર અલી

૩૪ બિન ગરીબ મીરઝા

૩૩ બિન અબ્દસ સલામ

૩૨ બિન મુસ્તનસિર બિલ્લાહ

૩૧ બિન મહમદ

૩૦ બિન ઈસલામશાહ

૨૯ બિન કાશમશાહ

૨૮ બિન શમસદ્દીન મહમદ

૨૭ બિન રૂકનુદ્દીન ખુરશાહ

૨૬ બિન અલાઉદ્દીન મહમદ

૨૫ બિન જલાલુદ્દીન હસન

૨૪ બિન અલા મહમદ

૨૩ બિન ઝકરીઆ સલામ

૨૨ બિન કાહેર

૨૧ બિન મોહતદી

૨૦ બિન હાદી

૧૯ બિન નીઝાર

૧૮ બિન મુસ્તનસિર બિલ્લાહ

૧૭ બિન જાહેર અલી

૧૬ બિન હાકમ અબુ અલી

૧૫ બિન અઝીઝ
૧૪ બિન મોએજ
૧૩ બિન મનસુર
૧૨ બિન કાએમ
૧૧ બિન મેહદી મહમદ
૧૦ બિન રઝી અબ્દલ્લાહ
૯ બિન તકી મહમદ
૮ બિન વફી અહમદ
૭ બિન મહમદ
૬ બિન ઈસમાઈલ
૫ બિન જાફર સાદક
૪ બિન મહમદ બાકર
૩ બિન જએનલ આબદીન
૨ બિન હુસેન
૧ બિન અલી. બિન અબુ તાલેબવલી

અડતાલીશમો ઇમામ આપણો સાચો ધણી **આગા સુલતાન મહમદશાહ** દાતાર, તે ઇમામતના હાલના માલેક, જમાનાના ધણીને સરવો. એ ઇમામ, રાહબર, ભોમીઆઓને પણ રસ્તો દેખાડનાર, સતાના ધણી, **આગા સુલતાન મહમદશાહ** દાતાર, અસંખ્ય કરોડો જીવોને મુકત કરનાર, ઇમામતના હાલના માલેક, તારા હકની રૂએ, તારી હજુરમાં (અમારી આજીજી) કબુલ કર. એ અમારા ધણી, **આગા સુલતાન મહમદશાહ.**

અહીઆં તમારે સિજદો દેવો.

પાઠ પાંચમો અને છઠ્ઠો.

શબ્દાર્થ.

પંજ—પાંચ

પાટી—ભાગની બંદગી

પંજ પાટીની—પાંચ ભાગની

અલ્લા હુમ્મા—ઓ ખુદા

યા—ઓ

મૌલા—ધણી

ના—અમારા

મૌલાના—અમારા ધણી

અંતા—તું

સલામ—સલામત છે.

અંતસ સલામ—તુંજ સલામત છે.

વ—અને

મિન—માંથી

કા—તારા

સલામ—સલામતી

વ મિનકસ સલામ—ને સલામતી
તારા માંથી (આવેછે)

વ—અને

ઈલૈ—તરફ

કા—તારા

યરજઉ—પાછી ફરવાની છે. સમાવાનીછે.

સલામ—સલામતી

વ ઈલૈકા યરજઉસ સલામ—અને સલામતી
પાછી તારામાંજ સમાવાની છે.

વ—અને

અલૈ—ઉપર

કા--તારા

અલ્ફૂ-હજારો [અસંખ્ય]

સલામ–સલામતીઓ

વ અલૈકા અલ્ફ્સ સલામ	અને હજારો (અસંખ્ય) સલામ-તીઓ તારા ઉપર (આધાર રાખેછે)

હૈયે–જીવડાવ, હયાત રાખ

ના–અમને

રબ્બ–પાલણહાર

ના–અમારા

બિ–સાથે

સલામ–સલામતી

હૈયેના રબ્બના બિસ સલામ	એ અમારા પાલણહાર, અમોને સલામતી સાથે હયાત રાખ.

વ—અને

અદખિલ—દાખલ કર.

ના—અમને

દાર—ઘર

સલામ—સલામતીનું

વ અદખિલના દારસ સલામ	અને અમને સલામતીના ઘરમાં દાખલ કર.

તબારકતા—તું બરકતદાર છે

રબ્બ—પાલણહાર

ના—અમારા

વ—અને.

તાલૈતા—તું બુલંદ છે

તબારક્તા રબ્બના વ તાલતા	એ અમારા પાલણ હાર, તું બરક્તદાર, અને બુલંદ છે.

યા—એ

ઝુ—ધણી

જલાલ—કીરતિ

વ—અને

ઈકરામ—મોટું મન, મોટાઇ, ઉદારતા

યા ઝુલ જલાલ વલ ઈકરામ	એ કીરતિવાન, અને મોટા મનના ધણી.

બે—સાથે

ફઝલ—મેહેરબાની

કા—તારી

રહેમત—દયા

બિકુન—કર

એ ફઝલેકા, રહ } તારી મહેરબાનીથી તું
મત બિકુન } દયા કર

યાં—એ

મૌલા—ધણી

ના—અમારા

યા મૌલાના—એ અમારા ધણી

લુત્ફ—રહેમ

વ—અને

કરમ—કૃપા

કુન—કર

લુત્ફ વ કરમ કુન–રહેમ અને કૃપા કર

લા–નથી

હૌલ–શક્તિ

વ–અને

લા–નથી

કુવ્વત–સત્તા

ઇલ્લા–સિવાય

બિ–સાથે

કા–તારા

લા હૌલ વલા કુવ્વત } તારા સિવાય કોઈને
ઈલ્લા બિકા } શક્તિ કે સત્તા નથી

ઝુદ–જલદી

ઝુદ–જલદી

બ–ને

ફરિયાદ—અરજ

બે રસ—પહોંચ

ફ્રુદ ફ્રુદ બ ફિરી } જલદી, જલદી, (તું અ-
યાદ બે રસ } મારી) અરજને પહોંચ

÷ ÷ ÷

વેલ—પુરવણી

અલ્લાહુમ્મા—ઓ ખુદા

સૈયદ--ધણી

ઈ—મારા

અલ્લા હુમ્મા, } ઓ ખુદા, ઓ અમારા
યા સૈયદી } ધણી

મિન—તરફની

કા—તારી

મદદ—ટેકો

ઇ– મને

ઇમિનકા મદદી–તારી તરફની મને મદદ–
(ટેકો) છે

વ–અને

અલૈ–ઉપર

કા--તારા

મોઅતમદી–મારો આધાર, મારો ભરોસો

વ અલૈકા } અને તારી ઉપર મારો
મોઅતમદી } ભરોસો છે

ઇય્યા--ફકત

કા--તારી

નઅબુદો--અમે બંદગી કરીએ છીએ

ઇય્યાકા } તારીજ અમે બંદગી કરીએ
નઅબુદો } છીએ

વ—અને

ઇય્યા—ફકત

કા—તારી

નસ્તઇન—અમે મદદ માગીએ છીએ

વ ઇય્યા કા નસ્તઇન	અને તારીજ અમે મદદ માંગીએ છીએ

યા—ઓ

અબ—પિતા

ગૌસ—મદદ

યા અબલ ગૌસ	ઓ મદદના પીતા એટલે મદદ આપનાર મુળ પુરૂષ, હજરત અલીનું લકબ છે

અગિસ—વારેઆવ

ની—મારી

અગિસની—મારી વારે આવ

અદરિક—મદદે પહોંચ

ની—મારી

અદરિકની—મારી મદદે પહોંચ

બે—સાથે

લુત્ફ—રહેમત

ક—તારી

ખફી—છુપી

બે લુત્ફેકલ ખફી—તારી છુપી રેહેમતથી

સવાબી—મને (નેક) બદલો આપ

રહેમતી—મારા ઉપર દયા કર

મરહમતી—મને આશીરવાદ આપ

ઉપરના ત્રણ શબ્દોમાં "ઈ" લાગ્યો છે

તેનો અર્થ "મને" થાય છે

સચો મહમદ અરબી–અરબસ્તાનમાં રહે
નારો નબી મહમદ સાચો છે.

અલી મહમદ યક ખુદા–અલી, મહમદ,
એકજ ખુદાઇનુર છે,

યક–એક

હક–ખરેખર

શનાશ–ઓળખ, ઓળખનાર

દફે–નાબુદ

હક શનાશ, દફેબલા–એમ ખરેખર ઓળ
ખનારની બલા નાબુદ થાય છે

લા–નથી

ઇલાહા–ખુદા

ઇલ્લા–સિવાય

અલ્લાહ–ખુદા

લા ઈલાહા ઈલ્લિલ્લાહ—ખુદા સિવાય બીજો કોઇ ખુદા નથી

•

મહમદ—નબી મહમદ

રસુલ—નબી, કાસદ, ખબરલાવનાર, પેગંબર

અલ્લાહ—ખુદાનો

મહમદ રસુલલ્લાહ—મહમદ, ખુદાનો પેગંબર છે,

અમીર—સરદાર

મોઅમીનીન—ખરા દીનદારો

અલી—હજરત મૌલા મુરતઝા અલી

સહી—સાચો

અલ્લાહ—ખુદા

અમીરલ મોઅમીનીન અલી સહી અલાહ } ખરા દિનદારોનો સરદાર અલી સાચો ખુદા છે,

હસ્બો—સમપુરણ

ના—અમારે માટે

અંલ્લાહુ—ખુદા

હસ્બો નલ્લાહુ—ખુદા અમારે માટે

સમપુરણ છે

વ—અને

નિઅમા—સારો

વકીલ—હીમાયતી

વ નિઅ્મલ વકીલ—ને (તે) સારો

હીમાયતી છે.

વ—અને

નિઅમા—સારો

નસીર—મદદગાર

વ નિઅમન નસીર—ને તે સારો મદદગાર છે

ગુફ્રાન—અમે માફી માગીએ છીએ.
કા—તારી પાસે
ગુફ્રાન કા—તારી પાસે અમે માફી માંગી
એ છીએ.

રબ્બ—પાલણહાર
ના—અમારા
રબ્બ ના—અમારા પાલણહાર
વ—અને
ઈલૈ—તરફ, પાસે
કા—તારી
મસીર—પાછું. આવવાનુ,
વઈલૈકલ મસીર —અને તારીજ પાસે અમે
પાછા આવવાના છીએ
મૌલા—ધણી
ના—અમારા
મૌલાના—અમારા ધણી

પાઠ પાંચમો અને છઠ્ઠો.

ભાવાર્થ

એ ખુદા. એ અમારા ધણી. તુંજ સલામત છે. ને સલામતી પાછી તારામાંજ સમાવાની છે. અને હજારો [અસંખ્ય] સલામતીઓ તારા ઉપર આધાર રાખે છે. એ અમારા પાલણહાર અમને સલામતી સાથે, હયાત રાખ, અને અમને સલામતીના ઘરમાં દાખલ કર. એ અમારા પાલણહાર, તું બરકતદાર અને બુલંદ છે. આ કિરતિવાન અને મોટા મનના ધણી.

આટલું દરેક ભાગની પાછળ બોલવું.

તારી મહેરબાનીથી, તું દયા કર, એ
અમારા ધણી.

*   *   *

રે હેમ અને કૃપાકર, એ અમારા ધણી

÷   ÷   ÷

તારા સિવાય, કોઇને શકિત કે સત્તા નથી,
એ અમારા ધણી.

+   ÷   +

જલદી, જલદી, તું [અમારી] અરજને
પહોંચ, એ અમારા ધણી

પાંચ ભાગની બંદગીની પુરવણી.

ઓ ખુદા, ઓ અમારા ધણી. તારી તરફની મને મદદ છે. અને તારા ઉપર મારો ભરોસો છે. તારીજ અમે બંદગી કરીએ છીએ. અને તારીજ અમે મદદ માંગીએ છીએ. ઓ મદદ આપનાર મૂળપુરૂષ અલી મારી વારે આવ. ઓ અલી, તારી છુપી રહેમતથી મારી મદદે પહોંચ. મને (નેક) બદલો આપ. મારા ઉપર દયા કર. મને આશીરવાદ આપ. અરબસ્તાનમાં રહેનારો નબી મહમદ સાચો છે. અલી મહમદ, એકજ ખુદાઇ (નુર) છે. (એમ) ખરેખર ઓળખનારની બલા નાબૂદ થાય છે.

ખુદાશિવાય, બીજો ખુદા નથી.
મહમદ ખુદાનો પેગંબર છે.
ખરા દીનદારોનો સરદાર **અલી**, સાચો ખુદાછે
ખુદા અમારે માટે સમપૂરણ છે. અને
(તે) સરસ હીમાયતી છે. ને (તે) સારો
ધણી છે. (તે) સારો મદદગાર છે. ઓ
અમારા પાલણહાર, તારી પાસે અમે
પાછા આવનારા છીએ. ઓ શાહ, પાંચ
ભાગની (અમારી) વિનંતી, તારા હકની રૂયે
તારી હજુરમાં તું કબુલ કર. ઓ અમારા
ધણી, **આગા સુલતાન મહમદશાહ.**

અહિંઆ **તમારે** સિજદો કરવો

(૬)

પછી એક બીજાના પંજા (હાથ) લઈ "શાહ
દીદાર" એટલે "આપણે શાહને જોઈએ
છીએ" એમ બોલો, અને સિજદો કરો.

પાઠ સાતમો

શબ્દાર્થ

શાહા—હાજર ઈમામ

રાહી—તારી તરફ આવનાર રાહદારી, મારગે ચાલનાર

દરગાઇ—જેઓ તારી હજુરમાં છે

ઈશ્કદારી—જેઓ તારી તરફ પ્રેમ ધરાવેછે.

પંજેભાઇ—ધારમિક મંડળીના મેમ્બરો

તુસી—તું

ખીસે અમર પુઠીઆ—તારા હકની રૂએ

દરગાહ—હજુર

મૌલા—ધણી

ના—અમારા

મૌલાના—અમારા ધણી

પાઠ સાતમો

ભાવાર્થ

પછી તસબી કાઢી નીચે મુજબ બોલવું.

અલી ખુદા છે. એ શાહ, તારી તરફ આવનાર રાહદારી (મારગે આવનાર) ને, અને જેઓ તારી હજુરમાં છે તેઓને, અને જેઓ તારી તરફ પ્રેમ ધરાવે છે તેઓને, અને જેઓ પંજે ભાઇઓ (ધારમિક મંડળીના મેંમ્બરો) છે, તેઓને તું તારા દીદાર નસીબ કર. એ શાહ, તારા હકની રૂએ તારી હજુરમાં (અમારી વિનંતી) તું કબુલ કર. એ અમારા ધણી આગા **સુલતાન મહમદશાહ**

(આ ઠેકાણે) તમારે સિજદો દેવો.

પાઠ આઠમો.

શબ્દાર્થ.

શાહા—હાજર ઈમામ

ફ્ઝલ—મેહેહરબાની.

રહેમત—દયા

જીઅરેખે—જીવતાઓને

જોત દીએ—આબાદ રાખ

મોએખે—મરી ગએલાઓને (જેઓ તા
રી રાહમાં ફના થએલા છે)

મોખ દીએ—તેમના આત્માને મુક્તિ
આપ.

જીનીજા—જેઓના

પિંઢ—શરીર

ભગે—નાશ પામ્યા.

જીનીજા પિંઢ ભગે—જેઓના શરીર નાશ પામ્યાં. (જેઓ મરણ પામ્યા.)

સુથાએ—સારા સ્થળ

સુથાએ કરીએ—સારા સ્થળમાં જગ્યા આપ

ખૈર—ભલાઇ

પૈદા કરીએ—જાહેર કર

શર—બુરાઈ

દફે કરીએ—દુર કર

ખીસે અમર પુઠીઆ—તારા હકની રૂએ

દરગાહ—હજુર

મૌલા—ધણી

ના—અમારા

મૌલાના—અમારા ધણી

ચા શાહ–એ હાજર ઇમામ

પીર—બોધ ગુરૂ.

વકીલ } અધીકારી (ઇમામે જેને હુદો આપ્યો હોય તે)

જુલમો—બધા

જમાત–દીનદાર

માદર–માતા, મા

પિદર—પિતા

ખેશ ખિશાંદર—સગા વ્હાલા

જિંદે—જીવતા

મોરદે—મુએલા

બંદે—સેવકો

સિર—માથું

તા—સુધી

પા—પગ

સિર તા'પા–માથાથી પગ સુધી

બક્શીએ—(અમને) માફ કર.

બખ્શણહાર–માફી (ના) કરનાર

પાઠ આઠમો

ભાવાર્થ

અલી ખુદા છે. એ શાહ, (અમારી પર) મેહેરબાની અને દયા કર. (અમારી) સઘળી બલાઓ દુર કર. જીવતાઓને આબાદ રાખ. તારી રાહમાં ફના થએલા આત્માઓને મુકિત આપ. જેઓના શરીર ભાંગી ગયા (જેઓ મરણ પામ્યા) તેઓ ના જીવને સારા સ્થળમાં જગા આપ. ભલાઇને જાહેર કર. બુરાઇને દુર કર. એ શાહ, સાંજની બંદગીને પ્રતાપે, અમારી વિનંતી, તારા હકની રૂએ, તારી હજુર માં કબૂલ કર. એ અમારા ધણી, આગા સુલતાન મહમદશાહ,

(અહીંઆ તમારે સીજ દેવો.)

સીજદામાં આમ બોલો

ઓ શાહ, પીરો (બોધ ગુરૂ)

વકીલો (અધીકારીઓ) આખી જમાત, માતા, પીતા, સગાં વહાલાંઓ, જીવતાઓ અને મુએલાંઓ, અને (સઘળા) તારા સેવકો, માથાથી પગ સુધી; પાપી છીએ. ઓ શાહ, બખ્શણહાર, તું અમોને માફ કર,

પાઠ નવમો

શબ્દાર્થ

લા–નથી

ઈલાહા—ખુદા

ઈલ્લા—સિવાય

અલ્લાહ—ખુદા

લા ઈલાહા ⎫ ખુદા સિવાય, બીજો ખુદા
ઈલ્લલ્લાહા ⎭ નથી.

કૈયુમ–કાયમ (હમેશાં રહેનારો)

હૈયુલ કૈયુમ—(જે) હયાત અને કાયમ છે,

મલક–બાદશાહ

હકક–સાચો

મુબીન–સાક્ષાત (જાહેર)

મલકુલ હકકુલ મુબીન } (જે) સાચો અને શાક્ષાત (જાહેર) બાદશાહ છે.

મલક—બાદશાહ

હકક—ખરેખર

યકીન—ચોકસ

મલકુલ હકકુલ યકીન } (જે) ચોકસ અને ખરેખર બાદશાહ છે.

માલેક—ધણી

યૌમ—દીવસ

દીન—ઈનસાફ (કીઆમત)

માલેકે યૌમિદ દીન } (જે) કીઆમતના દીવસ નો ધણી છે.

અલી—મોટો

અઝીમ—મબુલંદ

અલીયુલઅઝીમ—જે મોટો અને બુલંદ છે
હલીમ—ધૈર્યવાન
કરીમ—ઉદાર
હલીમુલકરીમ—(જે) ધૈર્યવાન અને ઉદાર છે
રબ્બ—પાલણહાર
સમા } આસમાનો (એનું એકવચન
વાત } "સમા")
સબઅ—સાત
રબ્બે સમાવાતે } સાત આસમાનોનો
સબઅ } પાલણહાર
રબ્બ—પાલણહાર
અરઝીન } જમીનો (એનું એકવચન
} "અરઝ"
સબઅ—સાત

રબ્બે અરઝીન ⎫ સાત જમીનનો પાલ
સબ્અ ⎭ ણહાર

વ—અંને

મા—જે

ફી—અદર

હિન્ના—તેઓની

વ મા ફી હિન્ના—અને જે તેઓની અંદરછે

વ—અને

મા—જે

બૈન—વચમાં

હુન્ના—તેઓની

વ મા બૈન ⎫ અને જે તેઓની વચમાં
હુન્ના ⎭ (છે)

વ—અને

અરશ—અરશ કુરશી, ખુદાઇ નુરી સ્થાન
અઝીમ—ઉંચી અને મોટી

વરબ્બિલ અર } મોટી અને બુદંલ ઉંચી
શિલ અઝીમ } અરશ કુરશીનો પાલણ હાર.

લા—નથી
ઇલાહ—ખુદા
ઈલ્લા—સિવાય
અલ્લાહ—ખુદા

લા ઈલાહા } ખુદા સિવાય બીજો ખુદા
ઈલ્લલ્લાહ } નથી.

મહમદ—નબી મહમદ
રસુલ—પેગંબર

મહમદ્દ ર } મહમદ ખુદાનો પેગંબર છે.
સુલલ્લાહ }

અમીર—સરદાર

મોમનીન—સાચા દીનદાર

સહી— ખરેખર

અલ્લાહ—ખુદા

અમીરલ મેમનીન } સાચા દીનદારો નો
અલી સહી અલ્લાહ } સરદાર અલી;
ખરેખર ખુદા છે.

હક્કન હકેકા—ખરેખર

અસ્તગફિર—હું માફી માગું છું

અલ્લાહ—ખુદા (પાસે)

અસ્તગફિરૂલ્લાહ—ખુદા (પાસે) હું માફી
માગું છું

અઝીમ—મહાન

વ—અને

બે હમદેહી—હું તેના વખાણ કરૂં છું

અસ્તગફિર—હું માફી માગું છું

અલ્લાહ—ખુદા (પાસે)

રબ્બી—મારો પાલણહાર

અસ્તગફિરૂલ્લાહ રબ્બી—હું માફી માગું છું ખુદાની, જે મારો પાલણહાર છે.

વ—અને

અતુબો } હું તોબા કરૂં છું, પાપનો પશ્ચાતાપ કરૂં છું.

ઇલૈ—પાસે, તરફ

હી—તેની

વ અતુ } અને તેની પાસે તોબા કરૂં છું,
બો ઇલૈહં } (પાપનો પશ્ચાતાપ કરૂં છું)

લા—નથી

ઇલાહા—ખુદા

ઇલ્લા—સિવાય

અંતા=તું, તારા

લા ઇલાહા } તારા સિવાય બીજો ખુદા
ઇલ્લા અંતા } નથી.

સુબહાન—પાક

કા—તું

સુબહાનકા—તું પાક છે

ઇન્ન—ખરેખર

ઇ—હું

કુંતો—છું

મીન—માંથી

ઝાલેમીન—જુલમગારો, પાપીઓ

ઇન્ની કુંતો મીનઝ ઝાલેમીન } ખરેખર હું પાપી છું

લા—નથી.

ફતા—શુરવીર

ઈલ્લા—સિવાય

લા ફતા ઇલ્લા અલી } અલી સિવાય કોઇ શુરવીર નથી. અલીની તાકાત એટલે સુધી છે, કે દુનીઆની કોઈપણ ચીજને, પોતાની તરફથી, હસ્તીમાં લાવેછે, અગર નાબુદ કરી શકે છે.

લા–નથી

સૈફ–તલવાર

ઈલ્લા–સિવાય

ઝુલફિકાર–હજરત અલીની તલવારનું નામ છે

લા સૈફ ઇલ્લા ઝુલફિકાર–ઝુલફિકાર સિવાય બીજી તલવાર નથી

નાદે–સાદ કરો, બોલાવો, યાદ કરો

અલીયન–અલીને

નાદે અલીયન–અલીને યાદ કરો

મઝહર–જાહેર કરનાર

અજાએબ–નવાઈ જેવી ચીજો

મઝહરલ અજાએબ–કુદરતનો કરનાર

(અલી)

તજીદુ—તને માલમ પડશે

હુ—તે

ઔનન—મદદગાર

લ—વાસ્તે

કા—તારે

ફી—અંદર, માં

નવાએબ—મુસીબતો

તજીદુ હુ ઔનન લકા ફીન નવાએબ } તને માલમ પડશે કે તે (અલી) તારી મુસીબતોમાં મદદગાર થશે

કુલ્લ—સઘળા

હમ્મ—દુઃખ

ગમ્મ—મુશકેલી

સયંજલી-નીકળી જશે, દુર થશે, જતી રહેશે

કુલ્લો હમ્મીન વ ગમ્મીન સયંજલી	સઘળાં દુઃખ અને મુશકેલીઓ દૂર થશે

બ–સાથે, થી

વિલાયત–મહોબત, કુમક; મદદ

કા–તારી

બ વિલાયતે કા–તારી મદદથી

યા અલી, યા અલી; યા અલી,	ઓ અલી, ઓ અલી ઓ અલી

પાઠ નવમો.

ભાવાર્થ.

કૃપાળુ અને દયાળુ ખુદાના નામથી (શરૂ કરૂં છું)

(૧) ખુદા સિવાય બીજો ખુદા નથી જે હયાત અને કાયમ (હમેશાં રહેનારો) છે.

(૨) ખુદા સિવાય, બીજો ખુદા નથી જે સાચો અને પ્રત્યક્ષ (જાહેર) બાદશાહ છે.

(૩) ખુદા સિવાય, બીજો ખુદા નથી, જે ચોકસ અને ખરેખર બાદશાહ છે.

(૪) ખુદા સિવાય, બીજો ખુદા નથી, જે કીઆમતના દીવસનો ધણી છે.

(૫) ખુદા સિવાય, બીજો ખુદા નથી, જે મોટો અને બુલંદ છે.

(૬) ખુદા સિવાય બીજો ખુદા નથી જે ધૈર્યવાન અને ઊદાર છે

(૭) ખુદા સિવાય, બીજો ખુદા નથી જે સાત આસમાનોનો પાલણહાર છે. અને સાત જમીન નો પાલણહાર છે. અને તેઓની (સાત આસમાન અને સાત જમીનની) અંદર જે છે, તેનો પાલણહાર છે.

અને તેઓની (સાત આસમાન તથા સાત જમીનોની) વચે જે છે, તેનો પાલણહાર છે, અને સૌથી મોટી અને ઉંચી અરશકુરશીનો પાલણહાર છે.

[૮] ખુદા સિવાય, બીજો ખુદા નથી. મહમદ ખુદાનો પેગંબર છે. અને સાચા દીનદારોનો સરદાર અલી ખરેખર ખુદા છે.

ખરેખર, મહાન ખુદાની પાસે હું માફી માગું છું અને હું તેના વખાણ કરૂં છું.. હું માફી માગું છું ખુદાની, જે મારો પાલણહાર છે. અને હું તેની પાસે તોબા કરૂં છું. [મારાં પાપનો પશ્ચાત્તાપ કરૂં છું) તારા સિવાય બીજો ખુદા નથી તું પાક છે. ખરેખર હું પાપી છું.

અલી સિવાય, કોઇ શૂરવીર નથી
ઝુલફિકાર સિવાય, કોઇ તલવાર નથી,

---

(૧) સાદ કરો [યાદ કરો] અલી ને, જે કુદરતનો ફરનાર છે. તને માલમ પડશે કે તારી મુસીબતોમાં તે (અલી) તારો મદદગાર થશે. અલીની મદદથી સઘળાં દુખ અને મુશ્કેલીઓ દુર થશે. ઓ અલી, ઓ અલી, ઓ અલી.

ખુલાસો

ખૈરબના કિલ્લાની યહુદી કુફ્ફારો સામેની લડાઇમાં, જ્યારે હજરત નબી મહમદ મુસ્તફા સંકટમાં આવી પડયા, અને સઘળા અસહાબો અને લશ્કરે નાસવા માંડયું, ત્યારે નબી સાહેબ ઘણી ચિંતામાં પડયા હતા, આ વખતે જીબરઇલે આ શબ્દો [નાદે અલીયન, વગેરે] નબી સાહેબ

ને કહ્યા હતા. નબીસાહેબે હજરતઅલીને યાદ કર્યા. હજરતઅલીએ આવીને, ખૈબર નો કિલ્લો ફતેહ કરી, કાફરોને ઠાર કર્યા. ખૈબરના કિલ્લાનો દરવાજો, જે વજનમાં કેટલાક હજારો મણનો હતો, તે હજરતઅલીએ એકહાથે ઉખેડી નાંખ્યો, અને તે દરવાજો ખાઇ ઉપર માંડીને, તે ઉપરથી પોતાનું લશ્કર કિલ્લામાં લઇ ગયા. નબી સાહેબે તે કિલ્લો ચાલીશ દીવસની અંદર જીતવાને કાફેરો પાસે શુકન ઓચર્યા હતા, પણ છેલ્લા દિવસ સુધી કોઈપણ તે અભેદ્ય કિલ્લો જીતી શકયું નહિ. પણ હજરતઅલીએ પોતાના મહાન ઈશ્વરી બળથી અડધા દિવસમાં તે કિલ્લો તાબે કીધો.

પાઠ દશમો.

શબ્દાર્થ.

પંજ—પાંચ

તન—જાણ

પાક—પવિત્ર

પંજતન — હજરતઅલી, નબી મહમદ, બીબી ફાતમા, ઈમામ હસન, ઈમામ હુસેન.

સલ્લ—આશીરવાદ હોવા.

અલ્લાહ—ખુદા

અલૈ—ઉપર

હી—તેના

સલ્લાલ્લાહો અલૈ હી—તેના ઉપર ખુદાના આશીરવાદ (હોજો)

વ—અને

સલ્લમં–શાંતી

વ સલ્લમ–અને શાંતી (હોજો)

હજરત–માનવંત; મહાન

મૌલા–ધણી

ઝોહરા–શોભાયમાન

રઝી–રાજી રહે

અલ્લાહ–ખુદા

તઆલા–મોટો

રઝી અલ્લાહો તઆલા } મોટો ખુદા (તેના પર રાજી રહે

ખીસે અમર પુઠીઆ–તારા હકની રૂએ

શાહા–હાજર ઇમામ

દરગાહ–હજુર

પાઠ દશમો.

ભાવાર્થ

પાંચ પવિત્ર તનને લગતી બંદગી

માનવંતા પેગમ્બર, મહુમદ મુસ્તફા (એના ઉપર ખુદાના આશીરવાદ અને શાંતી હોજો) મહાન ધણી મુરતઝાઅલી શોભાયમાન બીબી ફાતમા [મોટો ખુદા તેના ઉપર રાજી રહે] માનવંતા ઈમામ હસન, મહાન ઇમામ હુસેન.

એ શાહ, તારા હકની રૂએ, પાંચ પવીત્ર તન [જણાં] ને લગતી બંદગીની વિનંતી તારી હજુરમાં કબુલ કર. એ અમારા ધણી, **આગા સુલતાન મહમદ શાહા.**

(અહિંઆ) તમારે સીજદો દેવા.

પાઠ અગીઆરમો.

શબ્દાર્થ.

ગત—સઘળા

અવ્વલ—પહેલા

સલ્લ—આશીરવાદ (હોજો)

અલ્લાહ—ખુદાના

અલૈ—ઊપર

હી—તેની

સલ્લ લ્લાહો અલૈહી } તેના ઉપર ખુદાના આશીરવાદ (હોજો)

હાજર—હાલના

જોમેજો—ઇમામતના

ધણી—માલીક

હાજર જોમે } ઈમામતના હાલના
જો ધણી } માલીક

રબ્બ—પાલણહાર

હક્ક—ખાતર

ઉન—તે

દો—બે

ગુલ—ફુલ

ગુલશાન—વાડી

બતુલ—સતી સ્ત્રી (બીબી પ્રાતમાનુ લકબ છે)

બકશીએ—માફ કર

મારા—અમોને

મા—અમો

રા—ને

બ—ખાતર

બફાતમા—ફ્રાતમાને ખાતર

દુખતર—દીકરી

રસુલ—નબી મહમદ મુસ્તફા

ગત—સઘળાં

ખીસે અમર પુઠીઆ—તારા હકની રૂએ

દરગાહ—હજુર

મૌલા—ધણી

ના—અમારા

મૌલાના—અમારા ધણી

પાઠ અગીઆરમો.

ભાવાર્થ

પછી [તમારે] સઘળા પીરો માટે બંદગી કરવી. તેમાં પીરોની પુઠીઊં (ગાદીદાર પીરોનાં નામ) પડો

(૧) પહેલા પીર } નબી મહમદ મુસ્તફા (તે ના ઉપર ખુદાના આશીરવાદ અને શાંતી હોજો)

(૨) બીજા પીર ઇમામ હસન

બીજા પીરોનાં નામ ધુઆના આ ભાગમાંથી જોઇ લેવાં.

નબી મહમદ મુસ્તફા પેહેલા પીર છે. અને ત્યાર પછી પીરનો જોમો ઈમામ હસનને મળેલ છે. હજરત મોલા મુરતઝા અલી, એ વીષ્ણુનો દશ

(૪૯) તમામ પીરોના પીર આપણા ધણી આગા સુલતાન મહમદ શાહ, ઈમામત ના હાલના માલીક.

એ પાલણહારધણી, સત્યવંતી બીબીફાત માની વાડીના બે ગુલાબના ફુલો (હજરત ઇમામ હુસેન તથા ઇમામ હસન) ની ખાતર, પેગંબરની દીકરી બીબી ફાત માનીખાતર, અમને માફ કર. એ શાહ,

---

મો નકલંકી અવતાર છે. તેઓ પહેલા ઇમામ છે. અને ત્યારબાદ, ઈમામ હુસેન બીજાઈમામ છે. હુજરત અલીની ગાદીપર આવનારા ઈમામો "શાહ" કહેવાય છે. ચાલુ જમાનાના ઇમામહોય તે હાજર ઈમામ કહેવાય છે. તે જેને પીરનો જોમો (હુદ્દો) આપે, તે પીર કહેવાય છે.

તારા હકની રૂએ, સઘળા પીરોને આશી-
ર્વાદ દેવા માટેની અમારી બંદગી અને
વિનંતી તારી હજુરમાં કબુલ કર. એ
અમારા ધણી, આગા સુલતાન મહમદ
શાહા દાતાર.

પાઠ બારમો તથા તેરમો.

શબ્દાર્થ.

ગત—બધા

બાર ગુર—પીર સદરદીન

ઔલીયા—ખુદાના દોસ્ત, (એનું એકવચન "વલી"

અંબીયા—પેકાંબરો (એનું એકવચન "નબી"

સતરસો સો—સાતલાખ

હુસેની—ખુબસુરત; તે ૧૨૪૦૦૦ પેંગબરની ઔલાદ

એક લાખ ચોવીસ હજાર—૧૨૪૦૦૦

પેકાંબર—સંદેશા લાવનાર, નબીઓ

પૈગામ—સંદેશો

બર—લાવનાર

ગત્ જુમલે—સઘળા; બધા

રૂએખે—આત્માઓને

રસાડણજી—પોંચાડવા માટેની

ખીસે અમર પુઠીઆ—તારા હકની રૂએ

મૌલા—ધણી

ના—અમારા

મૌલાના—અમારા ધણી

પાઠ બારમો તથા તેરમો.

ભાવાર્થ.

બધા પીરો, બાર ગુર (પીર સદરદીન) ખુદાના દોસ્તો, પેગાંબરો, સાત લાખ હુસેનીઓ (ખુબ, એટલે સારા) (એક લાખ ચોવીશ હજાર પેગાંબરની ઔલાદ) એક લાખ ચોવીશ હજાર પેગાંબરો, સઘળાના આત્માને (આશીરવાદ) આપવા માટેની અમારી વિનંતી, ઓ શાહ, તારા હકની રૂએ, તારી હજુરમાં કબુલ કર. ઓ અમારા ધણી, આગા સુલતાન મહમદશાહ

અહીંઆ તમારે સિજદો દેવો

૧૩

પછી પંજતન પાકના નામની તસબી ફેરવવી

અને ત્યાર પછી, સિજદો આપવો)

પાઠ ચૌદમો

શબ્દાર્થ

ધુઆ—બંદગી

નીઅત—ધારણા

ખૈર—ભલી

ધુઆ નીઅત ખૈર—ભલી ધારણાની બંદગી

હિત—અહીંઆં; આ દુનીઆમાં

માંદ—ભવિષ્યમાં, પેલી દુનિયામાં

આકુબત—અંતકાળ

વાટે—રસ્તામાં

ઘાટે—મનજલમાં

રાહ મુસાફરે—રાહદારીઓનું

રાહીએ–તારી (ઇમામની) તરફ આવ-
નાર.

દરગાહએ–તારી (ઇમામની) હજુરમાં
પોંચનારા.

પંજેભાઈ–ધારમિક મંડળીના મેંમ્બરો

અમલદારી–અધીકારી

ઈશ્કદારી–તારા તલબગાર

જુમલે–બધા

જમાત–દીનદાર

ખૈર–ભલું

આલ––ગાદીએ બેસનાર

નબી–પીર

આલ નબી–ગાદીએ આવનાર પીર

ઔલાદ—પરીવાર

જાલમ કના—જુલમગારોથી

શર—બુરાઈ

શર શૈતાન કના—શૈતાનની બુરાઈથી

સાંઝાએ—હયા

ખીસે અમર પુઠીઆ—તારા હકની રૂએ

દરગાહ—હજુર

પાઠ ચૌદમો.

ભાવાર્થ.

(અમારી) ભલી ધારણાઓની બંદગી. અમારો અંતકાળ સારો કરજે. હમણા અને ભવિષ્યમાં ભલું કરજે. દુનીઆ અને આખરતમાં સારૂં કરજે. આઠ પહોર અને ચોશઠ ઘડી (રાત દિવસ) ભલાઇ અને આબાદી સાથે પસાર કરજે. રસ્તામાં અને મનજલમાં, રાહદારીઓનું, તારી તરફ આવનારાઓનું, અને તારી હુજુરમાં પહોંચનારાનું, પંજે ભાઈઓ (ધારમિક મંડળીના મેમ્બરો) નું, અધીકારીઓનું, તારા તલબગારોનું, અને બધી

જમાતનું ભલું કરજે. ગાદીએ આવનાર પીરો, અને અલીના પરીવારનું • સારૂં કરજે. એ અલી, અમોને જુલમગારોથી બચાવ. એ અલી, જેઓને તારી હયા નથી, તેઓથી અમોને દુર રાખ. એ અલી, તું ભલું કરજે. તારા હકની રૂએ ભલાઈ બાબેની (અમારી) આજીજી, તારી હજુરમાં કબુલ કર. એ અમારા ધણી, આગા સુલતાન મહમદશાહ દાતાર

(અહીંઆ) તમારે સીજદો દેવો.

પાઠ પંદરમો તથા શોળમો

શબ્દાર્થ

અલ્લાહુ મરેહેઆ–ખુદા (તમારા પર) રહેમત કરે

ગત જુમલે—સઘળા

આસાન કરે–દુર કરે

સતજો કાંગવો–બઇયત, સતનો કોલ

મથે કરે–બુલંદ કરે

રાહી–તારી (ઈમામની)પાસે આવનારા

દરગાહી–તારી (ઇમાની) હજુરમાં રહેનારા અથવા પોંચનારા

દર પોંચાએ–(રાહીઓને) તારી દરગાહમાં પોંચાડ

સાંજાએ—સભ્યતા; હયા

ભંડાર–કોઠાર, જથો

બરકત–વધારો

કરજીયન–કરજદાર

કરજલાએ–કરજમાંથી મુકત કરે

ફંરજીયન–ફરજદાર, જેના ઉપર કાંઇ કામ ઉકેલવાની ફરજ આવી પડી હોય તે

કારસાઝ થીએ–કારજપુરા થાએ

દફે કરે–નાબુદ કરે

દરખાનેમેં–પોતાનું (ઇમામનું) રેહઠાણ, હાજર ઇમામનું પોતાનું રહેવાનું સ્થળ

સરાઈયું, ખુશહાલીઉં વાધાયું કરે } ખુશી, ખુશ હાલી, અને આબાદાની કરે

મન ગુરીઉં–મનમાં ઈછેલી

મુરાદ્દ–ધારણા, ઉમેદ

હાસલ કરે–પુરી કરે

બંન્દ ખલાસ કરે–છુટકારો કરે

સિગો–જલદી

સવારી કરે } ખુલ્લી રીતે જાહેર થાય,

પ્રગટ થીએ } જાહેરાતમાં આવે

આસાન કરે–દુર કરે

પૈદા કરે–ફેલાવે

રખી વઠે–બચાવે

માહાદન–કીઆમત

ખએર–આબાદી

આઝારકના–દુઃખથી

વેનતિ–આજીજી

દીઓ—આપો
ખર્ટ—આવકમાંથી
પેટાંદ—તમે ખાઓ તેમાંથી
સાર સંભાર—ચોકસ હીસાબ ગણીને
ઉછીનું—તમારા પરનું સરકારી લેણું.
પાછીનું—સરકારી બાકી, (જે તમોએ ધા-)
રેલી હોય તે)
સારે—યાદ કરીને
સરકારમેં—હાજર ઇમામને
દીજા—આપજો
યાર—દોસ્તો, મિત્રો
અલ્લાહ મરેહેઆ—ખુદા [તમારા પર]
રહેમત કરે
મન ગુરીઉં—મનમાં ઈછેલી, ધારેલી

મુરાદ—મતલબ, ઉમેદ

હાસલ•કનેઆ—પુરી કરે

શાહા ગરીબ મીરઝા—ગરીબનો મદદગાર,

હાજર ઇમામ

ફેઝલ—મેહરબાની

મૌલા—ધણી

ના—આપણો

મૌલાના—આપણો ધણી.

સલવાત—(અલ્લાહુમ્મા, સલ્લે અલા

મહમદીંવ વ આલે મહમદ)

અલ્લાહુમ્મા—ઓ ખુદા

સલ્લે—આશીરવાદ મોકલ.

અલા—ઉપર

મહુમદ–નબી મહમદ

અલા મહમદ–નબી મહમદ ઉપર

આલ–ગાદીએ આવનાર

આલ મહ } નબી સાહેબની ગાદીએ
મદ } આવનાર (ઉપર)

પાઠ પંદરમો તથા સોળમો.

ભાવાર્થ.

સિજદામાં આમ બોલો

(૧) સીજદો દીઓ, (ખુદા) ત- મારા પર) રહેમત કરે, (તમે માંગો) કે આપણા સઘળાની મુશકેલીઓ અલી, મહમદ, દુર કરે.

(૨) સીજદો દીઓ. ખુદા, (તમારા પર) રહેમત કરે, (તમે માંગો કે મૌલા આપણો સતનો કોલ અથવા બઇઅત કબુલ કરે.

(૩) સીજદો દીઓ. ખુદા (તમારા પર) રહેમત કરે (તમે માંગો)કે મૌલા ગુર પીરનો બોલ બુલંદ કરે.

(૪) સીજદો દીઓ (ને માંગો કે) મૌલા પોતાની તરફ આવનારા તથા પોતાની હજુરમાં પહોંચનારાને, પોતાને આસ્તાને પહોંચાડી, પોતાના દીદાર નસીબ કરે.

(૫) સીજદો દીઓ (ને માંગો) કે મૌલા બાર ગુર (પીર સદરદીન) ના પરીવારને સભ્યતા બખશે.

(૬) સીજદો દીઓ (ને માંગો) કે મૌલા અનાજ પાણીના ગંજ (જથા) માં બરકત (વધારો) નાંખે

[૭] સીજદો દીઓ (ને માંગો) કે મૌલા દેવાદારોને કરજમાંથી મુક્ત કરે અને જેઓના પર ક્રજ પડી હોય, તે એના કારજ ઉકલાવી આપે.

(૮) સિજદો દીઓ (ને માંગો)
કે મૌલા દીનના દુશ્મનોને નાબુદ કરે

[૯] સીજદો દીઓ (ને માંગો)
કે મૌલા પોતાના રહેઠાણમાં ખુશી ખુશ હાલી અને આબાદાની પ્રવર્તાવે.

(૧૦) સીજદો દીઓ [ને માંગો)
કે મૌલા રાજાઓને રાજ બખશે, અને પ્રજાઓને સુખ આપે.

(૧૧) સિજદો દીઓ [ને માંગો
કે મૌલા બધી જમાતની મનમાં ધારેલી (નેક) ઉમેદો પુરી કરે.

[૧૨) સિજદો દિઓ [ને માંગો)
કે મૌલા કેદીઓનો છુટકારો કરે.

(૧૩) સિજદો દીઓ (ને માંગો) કે મૌલા જલદી પોતે ખુલ્લી રીતે 'જાહેર થાય (જાહેરાતમાં આવે)

(૧૪) સિજદો દિઓ (ને માંગો) કે મૌલા (આપણી) મુશકેલીઓ દુર કરે આબાદી ફેલાવે, અને રોજે કીઆમતના દુ:ખમાંથી બચાવે.

(૧૫) સિજદો દિઓ, ખુદા (તમારા પર) રહેમત કરે, (તમે માંગો) કે અલી, મહમદ બધી જમાતની આજીજી કબુલ કરે.

તમારી આવકમાંથી, તમે ખાઓ તે માંથી, બરાબર હિસાબ ગણીને આપો

તેમજ તમારા પરનું સરકારી લેણું, તથા સરકારી બાકી, (જે તમોએ ધારેલી હોય) તે યાદ કરીને, હાજર ઇમામને આપજો મૌલા અલી તમારા મનની મુરાદ પુરી કરે. આપણો ધણી આગા સુલતાન મહ-મદશાહ પોતાના દિદાર તમને નસીબ કરે.

પછી તસબી લઇને "શાહ ગરીબ મીરઝાં" એમ પડો. એ અમારા ધણી મુરતઝાઅલી, અમારા પર મેહેરબાની બખશ. અલી ખુદા છે.

પછી સિજદો દીઓ.

---

(૧૬)

(પછી) આગા અલીશાહે ફરમાવ્યું. તે મુજબ તસબી કાઢો. " ઓ અલી " ૧૪ વાર અને સલવાત ૧૪ વાર.

સલવાત

અલ્લાહુમ્મા, સલ્લે અલા મહમદીંવ વ આલે મહમદ

પછી સિજદો આપો

પાઠ સતરમો

શબ્દાર્થ.

દુઆ—બંદગી
નીયત–ધારણા
ખૈર–સારી, ભલી
દુઆ નીયત ખૈર–ભલી ધારણાની બંદગી
આકુબત—અંતકાળ, ભવિષ્ય
બીસે અમર પુઠીઆ–તારા હકની રૂએ
દરગાહ–હજુર
મૌલા–ધણી
ના–અમારા
મૌલાના—અમારા ધણી
ભલી–સારાઈ, સારાપણું

બતાઇએ—બતાવો, દેખાડો

બુરી—બુરાઈ

તજાઇએ—દુર રાખો; મુકાવો

હરદો—એ બંને

હાથ તુમારે—તમારા હાથમાં છે.

પાઠ સતરમો

ભાવાર્થ

દુઆ નીયત ખૈર—એટલે ભલી ધારણાની બંદગી

ભલી ધારણાની બંદગી—અમારો અંતકાળ સારો હોજો. ઓ અલી, તું ભલુ કરજે. ઓ શાહ, તારા હકની રૂએ, ભલાઇ બાબેની અમારી આજીજી, તારી હજુરમાં કબુલ કર, ઓ અમારા ધણી **આગા સુલતાન મહમદશાહ.**

અહિંઆ તમારે સિજદો કરવો.

સિજદમાં આમ બોલવું

સારાઇ બતાવો; બુરાઇથી દૂર રાખો. એ બંને તમારા હાથમાં છે.

પાઠ અઢારમો

શબ્દાર્થ.

મદદે અલી—અલીની મદદ

શફાઅત—હીમાયત

શફાયતે રસુલ—રસુલની હીમાયત

ઇતાયત—બંદગી

ઇતાયતે ખુદા—ખુદાની બંદગી કરેછે.

હુજરત—ખુદા

કબુલ—કૌલ

હજરત કબુલ—ખુદાનો કૌલ (છે)

પીર સતગુરનુર—ઇસમાઇલી ઇમામ તરફથી બોધ કરવા આવેલ સાતમા પીરનું નામ છે (જુઓ પીરોની ટીપ)

પીર શમ્સ—ઈસમાઇલી ઇમામ તરફથી બોધ કરવા આવેલ ત્રેવીશમા પીરનું નામ છે (જુઓ પીરોની ટીપ)

ચોટ—પ્રસિદ્ધ

પીર શમ્સ ચોટ—પ્રખ્યાત પીર શમ્સ

પીર સદરદીન—ઇસમાઇલી ઇમામ તરફથી બોધ કરવા આવેલ છવીશમા પીર (જુઓ પીરોની ટીપ)

પીર હશન કબીરદીન—ઈસમાઇલી ઈમામ તરફથી બોધ કરનાર સતાવીશમા પીરનું નામ (જુઓ પીરોની ટીપ)

એણે કલમે કલમું—આવી રીતે (નીચે મુજબ) નું કલમું

પાક—પવિત્ર

અશહદો—હું સાક્ષી આપું છું

અન્‌—કે

લા—નથી

ઈલાહા—ખુદા

ઈલ્લા—સિવાય

અલ્લાહા—ખુદા

લા ઈલાહા ઇલ્લલ્લાહ—ખુદા સિવાય (બીજો) ખુદા નથી

અશહદો—હું સાક્ષી આપું છું

અન્ન—કે

મહમદ—નબી મહમદ

રસુલ—પેગાંબર

અલ્લાહ—ખુદા

મહમદ રસુલલ્લાહ—મહમદ ખુદાનો પેગાં-
બર. છે

અશહદો—હું સાક્ષી આપું છું

અમીર—સરદાર

મોમનીન—સાચા દીનદારોનો

અલી—મૌલા

સહી—સાચો, ખરેખર

અલ્લાહ—ખુદા

અમીરલ મોમનીન } સાચા દિનદારોનો
અલી સહી અલ્લાહ } સરદાર અલી સાચો
ખુદા છે.

હુએ—છે

ઝિંદાહ—જીવતો; હયાત.

હુએ ઝિંદાહ—તે હયાત છે

કાયમ—હમેશને માટે

પાયા—પામ્યા છીએ

કાયમ પાયા—અમે તેને હમેશને માટે
પામ્યા છીએ

ખુલાસો—"હય્એ ઝિંદાહ" અને; "કાયમ પાયા" આ બે વાકયો એમ બતાવે છે કે ઈમામનું નુર હમેશાં હયાત અને કાયમ છે.

પાઠ અઢારમો

ભાવાર્થ

પછી કલમું પડો

અલીની મદદ, અને પેગંબરની હીમાયત (તેઓને માટે છે, જે) ખુદાની બંદગી કરે છે, એવો ખુદાઇ કૌલ છે. પીર સત ગુર નુર દાદ ચાહે છે, પ્રખ્યાત પીર શમ્સ દાદ ચાહેછે. પીર સદરદીન દાદ ચાહે છે. પીર હસન કબીરદીન દાદ ચાહેછે. તથા બીજા પીરો, આપણા હાજર ઈમામ, ધણી, આગા સુલતાન મહમદશાહ દાતાર પાસે દાદ ચાહે છે.

નીચે મુજબનો કલમો પવિત્ર છે.

હું સાક્ષી આપું છું કે ખુદા સિવાય બીજો ખુદા નથી. અને હું સાક્ષી આપું છું કે મહમદ ખુદાનો પેગંબર છે. અને હું સાક્ષી આપું છું કે સાચા દીનદારોનો સરદાર અલી સાચો ખુદા છે.

તે હયાત છે.

(આપણે તેને) હમેશને માટે પામ્યા છીએ

અહીઆં દુઆ પુરી થાય છે,

સમાપ્ત.

* * * *

ભુલ ચુક મૌલા બખશે.

નુરે વહદાનીયત.

ભાગ બે,

શીઆ ઇમામી ઇસમાઇલી

દીનદારો માટે

છપાય છે.

જલદી તૈયાર થશે! નામ નોંધાવો! તફસીરે દુઆથી ત્રણ ગણી મેટરનો સમાવેશ.

તફસીરે દુઆ પાંચ ફોરમ—આ પુસ્તક દરેકમાં ફૉર્મ પંદર.

પાક પરવર દીગારનું નુરે વહદાનીયત આ સૃષ્ટિમાં મનુષ્ય અવતારમાં

જલવાગર થઈ, તેણે હકીકતી દીન તથા હરી ભક્તોનું કેવી રીતે સંરક્ષણ કર્યું છે, અને એ નુરે આ કલિયુગમાં છેવટે હજરત અલીથી લઈને, ઈસમાઇલી હાજર ઈમામ સુધી ઉતરી આવી, કેવાં મહાભારત કાર્યો બજાવ્યાં છે, તેનો પ્રત્યક્ષ ચિતાર આપવામાં આવશે. આ નુરે **વહદાનીયતે** આગળ નવ અવતારોમાં હિંદની ભૂમિ ઉપર, જે પરાક્રમી ભાગ બજાવ્યો છે. તથા **દશમાં નકલંકી અવતારમાં** મુલ્કે અરબમાં **હજરત અલી** ના રૂપમાં જે અદભૂત શકિતઓ દેખાડી છે તેનું સવિસ્તર વર્ણન આપવામાં આવેલછે.

આ પુસ્તકમાં ઘણાજ ઉપયોગી દશ પ્રકરણનો સમાવેશ કરવામાં આવ્યો છે.

પ્રકરણ પહેલું

માનવંતા બોધગુરૂ પીર સદરદીનનું નુરે વહદાનીયત વિશેનું શિક્ષણ તથા તેમની વાજબી તારીફ.

પ્રકરણ બીજું

નુરે વહદાનીયત, નકલંકી અવતાર, હજરત મૌલા મુરતઝાઅલી, અમીરૂલ મોઅમીનીનનું વૃત્તાંત

પ્રકરણ ત્રીજું

હૈદરવાણી—હજરત અલીએ પોતાના વૈરાટ સ્વરૂપના સંબંધમાં ફરમાવેલા અરબી ભાષામાં કલામો. ગુજરાતી તરજુમા સાથે

પ્રકરણ ચોથું

દ્વાપર જુગની અગાઉ નુરે વહદાનીયત.

પ્રકણ પાંચમું

નુરૈ વહદાનીયત, શ્રીકૃષ્ણ પરમાત્માનું વૃત્તાંત

પ્રકરણ છઠું.

શ્રીકૃષ્ણ પરમાત્માએ, અરજુનને આપેલો બોધ. સંસ્કૃત શ્લોકો, ગુજરાતીમાં દરેક છુટા શબ્દાર્થ તથા તરજુમા સાથે.

પ્રકરણ સાતમું.

ફારસી ભાષામાં, હજરત અલીની મુનાકબો ગુજરાતી તરજુમા સાથે.

પ્રકરણ આઠમું.

નુરે વહદાનીયત, હજરત અલીના મો-જીજા કવિતા રૂપમાં, કઠણ શબ્દોના ગુજરાતી માં અર્થ સહિત.

પ્રકરણ નવમું
ઉરદુ ભાષામાં હજરત અલીની મુનાકિબો
કઠણ શબ્દોનાં ગુજરાતીમાં અર્થ સહિત.

પ્રકરણ દશમું.
અતિ ઉપયોગી
વિવિધ વિષયો
મૌલાના હાજર ઈમામના ફરમાન
મુબારકની શહાદત સહીત.

તફસીરે દુઆ કરતાં બેવડી સાઇઝ તથા ત્રણ ગણી મેટરના પુસ્તક થશે. રોયલ સોળ-પેજી.પાના આશરે **અઢીસો,** દરેક પુસ્તકમાં,

કિંમત દર પુસ્તકની રૂ. ૧)

પોસ્ટેજ જુદું

અગાઉથી ઉતેજન આપનારનાં મુબારક નામો પુસ્તકોમાં દાખલ કરવામા આવશે, તથા પોસ્ટેજ ફ્રી મોકલવામાં આવશે.

ઇસમાઈલી દર્પણ.

ઇસમાઇલી અડતાલીશ ઇમામોનાં વતન (નકશા સાથે) તથા તેઓની ઇમામતના ઇસવી સન તથા હીજરી સન્ તથા ટૂંક ઈતિહાસ સાથે, બીજા ઉપયોગી લખાણવાળું પુસ્તક. જાડા, ઈંગ્લીશ પુઠાની બાઇન્ડીંગ, પુઠાપર સોનેરી અક્ષરમાં પુસ્તકના નામ સાથે.

કિંમત રૂ. ૧)

પોસ્ટેજ જુદું

ઇસમાઇલી પ્રકાશ ભાગ ૧ લો
ઇસમાઇલી પ્રકાશ ભાગ ૨ જો

કિંમત દરેક રૂ ૧) .

પોસ્ટેજ જુદું

આ બે પુસ્તકોમાં **મસનવી મૌલાના રૂમ** તથા કુરાને શરીફ અને ઇસમાઇલી ધર્મશાસ્ત્રની સરખામણી દર્શાવનારાં અતિ ઉપયોગી દશ પ્રકારણોનો સમાવેશ કરવામાં આવેલ છે.

કાતેલુલ હસદ

આપણા પાક **શીઆ ઇમામી ઇસમાઇલી** દીનને ગેર ઇનસાફ આપનારા અજ્ઞાનતા અથવા હસદ ભરેલા લખાણો સામે વાજબી જવાબ આપતું પુસ્તક.

કિંમત ત્રણ આના.

ઈસમાઈલી દર્પણના છુટાભાગો.

૧ ધંન્યભાગ ઈસમાઈલી તારા–
કિંમત સવા આનો.

૨ ઝહુરે અલી–કિંમત બે અના.

૩ દીદારે અલી–કિંમત બે આના.

૪ બોસ્તાને મારફત–કિંમત બે આના

આ તફસીરે દુવા ઉપરાંત, ઉપર જણાવેલાં પુસ્તકો, મુંબઈમાં, બહારકોટ દરગાહ મોહલામાં, પાલખી મોહલાના નાકાપર, ખોજા સિંધી પ્રીંન્ટીંગ પ્રેસમાં શેઠ લાલજીભાઈ દેવરાજ પાસેથી

અથવા નવાનાગપાડા, પોલીસ ઇસ્પીતાલ સામે, પ્રગટ કરનાર, ખોજા હંશામ ઓઘા માસ્તર પાસેથી, રોકડી કિંમતે અથવા વેલ્યુપેએબલ રીતીથી મળી શકશે.

તફસીરે ધુઆના વેચાણના કાનુન

(૧) દરેક છુટી નકલના આના છ કિંમત પડશે. પોસ્ટેજ મંગાવનારને શીરછે

(૨) જે કોઈ ગૃહસ્થ **પચીસ નકલથી** વધારે ખરીદશે, તેને સેંકડે સાડાબાર ટકા પ્રમાણે કમીશન કાપી આપવામાં આવશે.

(૩) જે કોઇ ગૃહસ્થ **પચીસ નકલથી** વધારે ખરીદ કરશે, અને ઈસમાઇલી દીનની કેળવણીમાં ઉત્તેજન અરથે ભેટ આપવા વચન આપશે, તો તેને દર નકલ **ચાર આનાના** ભાવથી આપવામાં આવશે.

હાશમ બોધા માસ્તર
પ્રગટ કર્ત્તા

ઇસમાઇલી વિદ્વાનોને

જાહેર અરજ.

આ તફસીરે દુઆ, અમોએ ઘણા વરસના અનુભવ તથા મેહેનત સાથે તૈયાર કરી કોપી રાઈટ હક મેળવ્યો છે. એ પુસ્તક ઇસમાઇલીઓના ઉપયોગ માટે અમોએ રચેલું છે. તેથી કોઇ પણ પુસ્તક લખનાર તેમાંના કોઇ પણ ભાગની મદદ લેશે, તો ખરેખર અમોને ખુશી થવા જેવું છે. પરંતુ કોઇ પુસ્તક કર્ત્તા, તે માંહેનાં અગત્યના ભાગની ચોરી કરીને, તેમાં થોડો ઘણો ઘટાડો વધારો કરી, અમારા હક ઉપર

તડાપ મારવાની તજવીજ કરશે, તે કદાપ કાયદાની ચુંગાલમાંથી છુટશે, તોપણ સામાન્ય આલમની તથા પરવરદીગારે દાદગરની દરગાહમાં રાહઝન એટલે રાહમારૂજ ગણાશે. અને પુસ્તક કર્ત્તા તરીકેની પોતાની કીર્ત્તિના આફતાબને ગ્રહણમાં લાવી મુકશે

હાશમ બોઘા માસ્તર

રચનાર તથા છપાવી

પ્રગટ કરનાર

શુદ્ધિ પત્રક.

પાનું	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૪	૧	દેવા	દેવો
૩૫	૫	તાલતા	તાલૈતા
૫૯	૧૪	મબુલંદ	બુલંદ
૬૨	૩	બુદંલ	બુલંદ
૬૩	૭	મેમનીન	મોમનીન
૭૩	૮	ખૈરબ	ખૈબર
૭૩	૧૧	સધળા	સધળા
૭૭	૧૫	દેવા	દેવો
૮૩	૪	સુલતાવ	સુલતાન

આ પુસ્તક ખરીદનારને અમે અરજ કરીએ છીએ કે મજકુર શુદ્ધિપત્રક પ્રમાણે પોતાના પુસ્તકમાં તેઓએ પેહેલાંથી સુધારો કરી લેવો, જેથી અશુદ્ધ વાંચવામાં ન આવે.